જશોનાથ મહાદેવ મંદિરે ભાજપ દ્વારા આજથી ત્રણ દિવસ ૐકાર ચાલીસા

સોમનાથ મહાદેવ મંદિર પર મહમદ ગજની દ્વારા ૧૦૦૦ વર્ષ પૂર્વે મંદિરને તોડવામાં આવ્યું હતું ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા મંદિરના જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. કેન્દ્રની મોદી સરકાર દ્વારા સોમનાથ મંદિર ના વિકાસ માટે કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે. તે નિમિત્તે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તારીખ ૧૧/ જાન્યુઆરીના સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી માટે આપણી આસ્થાનું પ્રતીક પ્રથમ જયોર્તિલિંગ સોમનાથ આવી રહ્યા છે. તે નિમિત્તે ભાવનગર શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાવનગરના પૌરાણિક મંદિર જશોનાથ મહાદેવના સાનિધ્યમાં તારીખ ૮, ૯ અને ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૮ થી રાત્રે ૧૧ કલાક સુધી ૐકાર ચાલીસાના મંત્ર અને જાપનું આયોજન કરવામાં આવેલ છે.

તરસમીયા ગામે યુવકની હત્યા કેસમાં પોલીસે છરી અને બાઈક જપ્ત કર્યું, આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરાયું

પૈસા મામલે બોલાચાલી કરી છરીના ઘા ઝીંકી યુવકની હત્યા કરી હતી, આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર

ભાવનગર,તા.૮

ભાવનગર શહેરના તરસમીયામાં રહેતા ૪૦ વર્ષિય યુવકને પાંચ દિવસ પૂર્વે રાત્રીના સુમારે માલણકા ગામે રહેતા શખસે પૈસા બાબતે બોલાચાલી કરી યુવકને છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાખી હતી. જે મામલે પોલીસે હત્યા નિપજાવનાર શખસની ધરપકડ કર્યા બાદ તેના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મેળવી આ ગુનામાં ઉપયોગ કરાયેલા હથિયાર અને બાઈક કબજે કરવામાં આવ્યા હતા. બુધવારે બપોર બાદ ભરતનગર પીઆઈ સહિતના સ્ટાફે શખસને ઘટના સ્થળ પર લઈ જઈ ઘટનાનું રિકન્ટ્રકશન હાથ ધર્યુ હતું.

શહેરના તરસમીયા ગામના વતની અને હાલ સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા બુધાભાઈ બચુભાઈ ડાભીએ તા.૪ જાન્યુઆરીના રોજ ભરતનગર પોલીસ સ્ટેશનમાં માલણકા ગામના વિપુલ કાંતીભાઈ બારૈયા સામે ફરીયાદ નોંધાવી હતી કે, તેઓના દીકરા સુરેશભાઈ બુધાભાઈ ડાભી ઉંમર વર્ષ ૪૦ સાથે તરસમીયા ખારશી રોડ પર પીરની દરગાહ પાસે આવેલી ભાડાની દુકાન પાસે માલણકા ગામે રહેતા વિપુલ કાંતીભાઈ બારૈયા નામના શખસે આવી તેના દીકરા સુરેશભાઈ સાથે હિસાબના પૈસા બાબતે બોલાચાલી અને ઉગ્ર ઝઘડો કરી વિપુલે તેના પાસે રહેલી છરીના ઘા સુરેશભાઈને મારી ગંભીર ઈજા પહોંચાડી તેનું બાઈક લઈ નાસી છુટ્યો હતો.

ઈજાગ્રસ્ત સુરેશભાઈને સારવાર અર્થે ભાવનગર સર.ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેનું મોત નિપજયું હતું. આ ઘટનાના પગલે ભરતનગર પોલીસે શખસ સામે બીએનએસ એક્ટ ૧૦૩(૧), ૩૫૨, જીપી એક્ટ ૧૩૫, મુજબ ગુનો દાખલ કર્યો હતો. ત્યારે ભરતનગર પોલીસે તા.૫ ના રોજ વિપુલ બારૈયાની ધરપકડ કરી હતી અને બુધવારે બનાવ સ્થળ પર વિપુલ બારૈયાને લઈ જઈ ઘટનાનું રિ-કન્ટ્રકશન કરાવ્યું હતું.પોલીસે આરોપીના ૩ દિવસના રિમાન્ડ મેળવી આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલ છે. અને મોટરસાઈકલ તેમજ છરી કબ્જે લીધી હતી.

૨૮૯મી વર્ષગાંઠ ઉજવાઈ ; સાચા હિરા, મોતી, પુષ્પ અને અક્ષતની વૃષ્ટિ સાથે મોટા દેરાસરની ધ્વજા લહેરાવાઈ

ભાવનગરના પ્રથમ જિનાલય આદિનાથ દાદાના દેરાસરની સાલગીરી ઉજવાઈ,શત્રુંજય તિર્થની જેમ ધજાની શોભાયાત્રા દેરાસરના પટાંગણમાં ફરી, ભાવિકોની બહોળી ઉપસ્થિતિ

ભાવનગર,તા.૮

ભાવનગર જૈન શ્વે. મૂ.પૂ.તપાસંઘના ઉપક્રમે ભાવનગર મંડન આદિનાથદાદાની ૨૮૯મી સાલગીરી શાસન સમ્રાટ સમુદાયના આચાર્ય ભગવંત વિજય નિર્મળચંદ્રસૂરિ, આચાર્ય જિનેશચંદ્રસૂરિશ્વરજી આદી ભાવનગરમાં બિરાજમાન શ્રમણ, શ્રમણી ભગવંતોની નિશ્રામાં આદિનાથ દાદાના શિખરે ધજા ચડાવવામાં આવી હતી.

આ પ્રસંગે ભાવનગરમાં નૂતન આયંબિલ શાળાથી વાજતે ગાજતે મોટા દેરાસર તરફથી પ્રયાણ કરવા આવેલ. અને શત્રુંજય તિર્થની જેમ આબેહુબ મોટા દેરાસરના પરિસરમાં મોટી ધજાની શોભાયાત્રા દેરાસરના પટાંગણમાં ફરી હતી. આકાશમાંથી સાચા હિરા, મોતી, પુષ્પ અને અક્ષતની વૃષ્ટિ અને ધ્વની સંગીતના સથવારે ૮.૦૧ કલાકે પ્રભુજીના શિખરે ધ્વજા ચંદ્રકાંતભાઈ મનસુખલાલ સલોત પરિવાર દ્વારા ધજા ચડાવવામાં આવેલ. સાલગીરી નિમિતે પ્રભાતીયા, સ્નાત્ર મહોત્સવ, દાદાનો પક્ષાલ, રથયાત્રા, ધજા યાત્રા, અને ૮-૦૧ દાદાના શિખરે ધજા લહેરાવી હતી. સ્વામીવાત્સલ્ય બેસાડીને ડો.રમણીકલાલ જેઠાલાલ શાહ પરિવાર તરફથી દાદાસાહેબ ભાવનગર ખાતે મોટા દેરાસરની પરાંપરા મુજબ કરવામાં આવેલ.

મોટા દેરાસર અને ભાવનગરની સ્થાપના એક સાથે થઈ હતી. ભાવસિંહજી મહારાજ સાહેબે કુંવરજીભાઈ લાધાભાઈને ઘીનો ધંધો ભાવનગરમાં રહીને કરવા જણાવ્યુ અને તેમના તરફથી અમીદ્રષ્ટિ રાખી ભાવનગર દરબારગઢની સામે સં ૧૭૭૯ વૈશાખ શુદ ૩ના દિવસે મોટા દેરાસરની સ્થાપના થઈ આજ દિવસે ભાવનગરની સ્થાપના થયેલ. ૧૪ વર્ષ પછી દેવ વિમાન સમુ શિખર બંધી જિન મંદિર ૧૭૯૩માં તૈયાર થયુ હતું .

ભાવનગરની ખાનગી બસમાંથી બે શખ્સો દારૂના જથ્થા સાથે ઝડપાયા

પોલીસે વોચ ગોઠવી પીપળી પાસેથી ભાવનગરના બે શખ્સોને ઉતારી તલાશી લેતા દારૂ મળી આવ્યો

ભાવનગર,તા.૦૮

ભાવનગર આવી રહેલી ખાનગી બસમાં બે શખ્સો મુસાફરના સ્વાંગમાં દારૂનું હેરાફેરી કરી રહ્યા હોવાની બાતમી મળતા ધોલેરા એક્સપ્રેસ વે ઉપર આવેલ પીપળી ટોલટેક્ષ પાસેથી ધોલેરા પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ ધોલેરા પોલીસ મથકનો સ્ટાફ સરકારી વાહનમાં ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા. તે દરમિયાન બાતમી મળી હતી.કે ધોલેરા એક્સપ્રેસ વે ઉપર આવેલ બે પીપળી ટોલટેક્ષ પાસેથી તન્ના લક્ઝરી બસ નંબર - જીજે ૦૪ એ ડબલ્યુ ૭૨૭૨ માં બેસી બે ઇસમો વિદેશી દારૂ લઇને વેજલકા ગામ થઇ ભાવનગર તરફ જાય છે જે બાતમીના આધારે ધોલેરા પોલીસે ધોલેરા એક્સપ્રેસ વે ઉપર આવેલ પીપળી ટોલટેક્ષ પાસે વોચ ગોઠવી ત્યારે આવી રહેલી તન્ના લક્ઝરી બસને અટકાવી તલાશી લેતા સીટ નંબર-૨૫, ૨૬ પાસેથી વિદેશી દારૂની બોટલ ૧૧૦ રૂ.૧૮,૭૦૦ની મળી આવતા પોલીસે કબ્જે લઈ લક્ઝરી બસની સીટ નંબર-૨૫,૨૬ પર બેસેલા દિપક નારણભાઈ રાઠોડ ખુશાલ બેચરભાઈ પંચાલ (રહે. બન્ને વીમાના દવાખાના પાસે, મફતનગર, રોહિતવાસ, આનંદનગર, ભાવનગર) ની ધરપકડ કરી બન્ને શખ્સ વિરૂધ્ધ ધોલેરા પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નારી ગામ નજીક દારૂ ભરેલી કાર પલ્ટી જવાની ઘટનામાં ઈજાગ્રસ્ત બેના મોત

ગંભીર રીતે ઈજાગરસ્ત થયેલ ચાલક તથા મહિલા મુસાફરનું મોત નીપજ્યું

ભાવનગર,તા.૦૮

નારી ગામ નજીક દારૂ ભરેલી કાર પલટી જતા એક મહિલા સહિત ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી હતી જે પૈકી મહિલા સહીત બેના મોત નિપજયા હતા. વરતેજ પોલીસે આ મામલે દારૂ અને અકસ્માત અંગેની અલગ-અલગ બે પોલીસ ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગરના નારી ગામ રામદેવપીરના મંદિર પાસે રોડ પર દારૂ ભરેલી કારનો અકસ્માત થયો હતો આથી વરતેજ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ કરતા કાર નંબર જીજે-૨૭-ડીબી-૬૮૦૮ અકસ્માત થયેલી હાલતમાં મળી આવેલ અને રોડ પર વિદેશી દારૂની બોટલો વિખેરાયેલી હતી. વરતેજ પોલીસે કારની અંદર તપાસ કરતા કમલ પંડિત, અજય દલબીરસિંગ ગોરિયા, યોગેન્દ્ર અને રેણુકાબેન ગંભીર રીતે ઘાયલ થયેલી હાલતમાં મળી આવતા પોલીસે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ચારેયને ભાવનગરની સર ટી. હોસ્પિટલે ખસેડાયા હતા અને સ્થળ પરથી વિદેશી દારૂની બોટલ ૧૧૭૬ રૂ.૨,૬૩,૫૨૦ અને કાર મળી રૂ.૫,૬૩,૫૨૦નો મુદામાલ કબ્જે લઈ ચારેય સામે વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી હતી. ઉપરાંત આ બનાવમાં યોગેન્દ્ર જીતેન્દ્રભાઈ રાજપુત (રહે. અલીગઢ, ઉત્તરપ્રદેશ) અને રેણુંબેન જયકિશન કંડોરા (રહે હરિયાણા)નું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. ઉપરાંત અજય દલબીરસિંગ ગોરીયાએ વરતેજ પોલીસ મથકમાં કાર પુરઝડપી ચલાવી નારી ગામ પાસે ડિવાઈડર નજીક અથડાવી અકસ્માત સર્જી યોગેન્દ્ર અને રેણુંબેનનું મોત નિપજાવી કારમાં સવાર અન્યોને ઈજા પહોચાડ્યા અંગેની પોલીસ ફરિયાદ કમલ રામેશ્વર પંડિત વિરૂદ્ધ નોંધાવી હતી. પોલીસે અલગ-અલગ બન્ને ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રેનના ડબ્બામાંથી દારૂના પાઉચ મળી આવ્યા

ભાવનગર,તા.૦૮

ભાવનગર રેલવે પોલીસ ભાવનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર ખાલી પડેલી બાંદ્રા ટર્મિન્સ ભાવનગર ટ્રેનમાં તપાસ કરતા એસ ૪ અને એસ ૫ કોચ વચ્ચે ટોયલેટ પાસે બિનવારસી હાલતમાં વિદેશી દારૂના પાઉચ ૪૮ રૂ.૨૮૩૨ ના મળી આવતા પોલીસે કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નારી ગ્રામના ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો

એડવોકેટની ઓફિસમાં તસ્કરોનો હાથફેરો

ભાવનગર,તા.૦૮

ભરતનગર વિસ્તારના લાલાબાપા ચોકમાં રહેતા અને એડવોકેટ મનોજભાઈ શંકરભાઈ સોલંકીની પીરછલ્લા રોડ પર આવેલી ઓફિસના અજાણ્યા ઇસમો શટરના તાળા તોડી અંદર પ્રવેશી પિતળની મૂર્તિ રૂ.૩૨ હજારની ચોરી કરી નાસી છૂટયા હતા. આ બનાવ સંદર્ભે મનોજભાઈએ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જીતુભાઈ વાઘાણી દ્વારા સતત ૧૪માં વર્ષે આયોજન : સરકારી શાળાના બાળકોને ૧.૩૦ લાખ પતંગનું વિતરણ

ફીરકીઓ અને ૨૧,૦૦૦ બિસ્કીટના પેકેટોનું આજથી બે દિવસ વિતરણ કરાશે

ભાવનગર,તા.૮

કેબીનેટ મંત્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દ્વારા સતત ૧૪માં વર્ષે મકરસંક્રાંતિના પર્વની ઉજવણીના ભાગ રૂપે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર પશ્ચિમની ૩૩ શાળાના વિદ્યાર્થીઓ, પૂર્વની ૩૬ શાળામાં અભ્યાસ કરતાં અનાથ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વરતેજ ગામની બધી સરકારી શાળાઓ, ફૂલસર અને કુંભારવાડા સરકારી હાઈસ્કૂલ તેમજ ભાવનગરની શાહ ખીમચંદ લક્ષ્મીચંદ શાળા,નંદકુવરબા બાલાશ્રમ,અંધઉદ્યોગ શાળા-વિધાનગર, તાપીબાઈ વિકાસગૃહ ટ્રસ્ટ-વિધાનગર, અંકુર મંદબુદ્ધિ શાળા-સરદારનગર, રક્તપિત હોસ્પિટલ-રૂવાપરી રોડ આ સંસ્થાઓ સહીત બધા બાળકોને વિધાર્થી દીઠ પાંચ પતંગ અને એક બિસ્કીટનું પેકેટ, નાસ્તો અંદાજિત ૧,૩૦,૦૦૦ પતંગ સાથે ફીરકીઓ અને ૨૧,૦૦૦ બિસ્કીટના પેકેટોનું આજથી બે દિવસ દરમિયાન વિતરણ કરશે જેનો પ્રારંભ કરાયો છે.

પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વખતે પણ મંત્રી જીતુભાઈ વાઘાણી પ્રત્યક્ષ શાળાએ જઈ બાળકો અને વાલીઓની સાથે સવાંદ કરી નિયત કાર્યક્રમ મુજબ પતંગ વિતરણ કરવાના છે. સાથે લોકપ્રતિનિધિઓ, શહેર-જીલ્લા સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકઓ, વોર્ડ સંગઠનના પદાધિકારીઓ, સરકારના અધિકારીઓ, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન, ડે.ચેરમેન તથા સદસ્યઓ, શૈક્ષણીક સંસ્થાના અગ્રણીઓ, હીરાઉદ્યોગના અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રોના સામાજિક અગ્રણીઓ, સાધુસંતો, ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓની વિશેષ ઉપસ્થિતિમાં પતંગો તથા બિસ્કીટ અને ફીરકીઓનું વિતરણ કરવામાં આવશે.

દેસાઈનગર સહિતના વિસ્તારોમાં શુક્રવારે આઠ કલાક વીજકાપ

ભાવનગર,તા.૦૮

જેટકો પ્રવહન વિભાગીય કચેરી વરતેજ દ્વારા ૬૬ કે.વી. દેસાઈનગર પાવર સબ સ્ટેશનમાં મરામતની કામગીરીના કારણે તા.૯મી જાન્યુઆરીને શુક્રવારે વીજકાપ જાહેર કરવામાં આવ્યો છે.દેસાઈનગર પાવર સબ સ્ટેશનમાં મરામતની કામગીરીથી પાવર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી.ના માધવાનંદ, અમરપાર્ક, બોરતળાવ અને હરી ઓમનગર ફિડરમાં કામગીરી દરમિયાન સવારે ૭ થી બપોરના ૩ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે.કામકાજ વહેલું પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો પુનઃ શરુ કરી દેવામાં આવશે.

BAPS સ્વામિનારાયણ સંપ્રદાયના ૪૦૦ સંતોની હાજરીમાં બ્રહ્મોત્સવની ઉજવણી

રાણપુર,તા.૫

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ટેક્સપીન ફાર્મ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના ૪૦૦ સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય બ્રહ્મોત્સવ ઉજવાયો. બી.એ.પી.એસ. સંપ્રદાયના ૪૦૦ વિધ્વાન સંતોની ઉપસ્થિતિમાં આ બ્રહ્મોત્સવની ઉજવણી રાણપુર શહેરમાં ટેક્સપીન ફાર્મ ખાતે કરવામાં આવી.જેમાં ભવ્ય સત્સંગ સભા યોજાઈ.બ્રહ્મોત્સવનું આયોજન રાણપુરમાં આવેલ ટેક્સપીન બેરીગ કંપનીના ઓનર ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણા પરીવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ બ્રહ્મોત્સવ કાર્યક્રમની અંદર સત્સંગ સભામાં બી.એ.પી. એસ.સ્વામિનારાયણ સંપ્રદાયના વડીલ અને વિધ્વાન સંતોએ આશિર્વચન પાઠવ્યા હતા. આ બ્રહ્મોત્સવની ઉજવણી પ્રસંગે પૂ.નારાયણમુની સ્વામી, પૂ.ભદ્રેશ સ્વામી, પૂ.આત્મતૃપ્ત સ્વામી, પૂ.ઘનશ્યામપ્રસાદ સ્વામી, પૂ. ઘનશ્યામપ્રિય સ્વામી, પૂ.મધુરવદન સ્વામી, પૂ.મુનિસેવા સ્વામી, અમૃતસેવક સ્વામી સહીત ૪૦૦ સંતો પધાર્યા હતા અને ૨૦૦૦ કરતાં વધુ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા સાથે આ દિવ્ય અને ભવ્ય બ્રહ્મોત્સવની સત્સંગ સભામાં ટેક્સપીન બેરીગ કંપનીના ઓનર ભુપેન્દ્રભાઈ મકવાણા, દીપેનભાઈ મકવાણા, વિશાલભાઈ મકવાણા, આરએમપી બેરીગ કંપનીના ઓનર રાજુભાઈ મકવાણા મિતેનભાઈ મકવાણા, રાસ બેરિંગ કંપનીના ઓનર હરિભાઈ મકવાણા આલ્ફા બેરિંગ કંપનીના ઓનર લલીતભાઈ સોલંકી તેમજ રાણપુર શહેર અને રાણપુર તાલુકાના વિવિધ સમાજના આગેવાનો રાજકીય આગેવાનો સહિત મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા અને આ દિવ્ય બ્રહ્મોત્સવ પ્રસંગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

No. DRM/TRD/BVP/2025-26/01 DATE : 06.01.2026

વિવિધ સેક્શનો ની ઓએચઈ જાળવણી

(પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)

ટેન્ડર નં. ૦૭-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬R૨

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

કામનું નામઃ ધોળા-ભાવનગર ટર્મિનસ-પાલીતાણા, રાજુલા-મહુવા, ઢસા-જેતલસર, કાનાલૂસ-પોરબંદર, જેતલસર-વાંસજાળીયા અને રાજકોટ-સોમનાથ સેક્શનો ની ૨ વર્ષો માટે ઓએચઈ જાળવણી (પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)

ટેન્ડર રકમઃ ₹ ૩,૫૯,૦૯,૭૨૮.૯૪/- **ટેન્ડર ફીઃ** શૂન્ય,

ઈએમડી રકમઃ ₹ ૩,૨૯,૬૦૦/-

સરનામુંઃ ડીઆરએમ (ટ્રેકશન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩.

બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૨૮-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-236

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly